# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

**સત્રાંત પરીક્ષા જુલાઈ : 2014**

અભ્યાસક્રમ : સર્ટીફિકેટ ઇન કમ્પ્યૂટિંગ નોંધણી નંબર:__________________

પાઠ્યક્રમ : CIC-02 & CIC-05/CPCS-01 & CPCS-02

વિષય : ટેકનોલોજી, માઈક્રોસોફ્ટ ઓફિસ

તારીખ : 05/07/2014

સમય : 03.00 to 06.00 કૂલ ગુણ : 70

**સુચના** :

(1) જ્યાં સુધી ખંડ નિરીક્ષક ન જણાવે ત્યાં સુધી જવાબો લખવાનું શરુ કરવું નહીં.

(2) જે વિદ્યાર્થી પોતાનો સાચો નોંધણી નંબર નહીં દર્શાવે તેનું પરિણામ રદ્દ થશે.

(3) સત્યાર્થતા ચકાસવાના પ્રશ્નમાં વિધાર્થી જવાબપત્રકમાં યોગ્ય ખાનામાં ખરું (√) કે ખોટાની (X) નીશાની કરવી.

(4) કોઇપણ વિદ્યાર્થીએ પ્રશ્નપત્ર પોતાની સાથે લઈ જવાનો આગ્રહ રાખવો નહિ. પ્રશ્નપત્ર સાથે લઈ જનાર વિદ્યાર્થી આ પરીક્ષા માટે ગેરલાયક ઠરશે.

(5) ઉતરવહી પેજની પાછળ છે. તેમાં જવાબો લખવા.

---

**CIC-02/CPCS-01 (ટેકનોલોજી)**

**વિભાગ-'અ'**

1 દ્વિતીય પેઢીના કમ્પ્યૂટર માં ___________ નો વપરાશ થતો હતો

[A] ઇન્ટીગ્રેટેડ સર્કીટ [B] ટ્રાન્ઝીસ્ટર [C] વેક્યુમ ટ્યુબ [D] માઈક્રોપ્રોસેસર

2 ___________માહિતી કે સુચના જ્યાંથી લેવાના હોય તે સ્મૃતિ સ્થાનનું સરનામું સૂચવે છે.

[A] સ્મૃતિ એડ્રેસ રજિસ્ટર [B] પ્રોગ્રામ કાઉન્ટર [C] સુચના રજીસ્ટર [D] એક પણ નહિ

3 કોનો ઉપયોગ હવામાનની આગાહી, રીમોટ સેન્સીંગ, ઈમેજ પ્રોસેસિંગ વગેરે વિનિયોગોમાં થાય છે

[A] માઈક્રો કમ્પ્યૂટર [B] મિનિ કમ્પ્યૂટર [C] સુપર કમ્પ્યુટર [D] મેઇનફ્રેમ

4 CPU, સ્મૃતિ તથા નિવેશ/નિર્ગમ ઘટકોનું આંતરજોડાણ કરતા વાયર ને શું કહેવાય છે?

[A] પોર્ટ [B] ગેઇટ્સ [C] મધરબોર્ડ [D] સિસ્ટમ બસ

5 એક સેકન્ડના હજારમાં ભાગને શું કહે છે?

[A] પીકો સેકન્ડ [B] માઈક્રો સેકન્ડ [C] મિલી સેકન્ડ [D] નેનો સેકન્ડ

6 નીચેના માંથી કયું નિર્ગમ ઉપકરણ છે.

[A] દ્રશ્ય સાધનો [B] કી-બોર્ડ [C] લાઈટ પેન [D] સ્કેનર

7 આપણે પ્રોગામમાં સ્મૃતિનો ઉપયોગ કરવો હોયતો પ્રોગ્રામમાં _________નો ઉપયોગ કરવો પડે છે.

[A] પદાવલી [B] શ્રેણિક [C] અચલ [D] ચલ

8 નીચેનામાંથી કયું લુપીંગ વિધાન નથી

[A] If then Else [B] While-End While [C] For End For [D] For-Next

9 _______ એકેય નહિ અથવા ઘણીબધી કિમતો પાછી આપે છે.

[A] સબરૂટીન [B] વિધેય [C] બન્ને [D] એક પણ નહિ

10 ભાષાના અનુવાદક સાથે જ મળતા વિધેયોને શું કહેવાય છે?

[A] યુટીલીટી [B] મેન્યુ [C] લાઈબ્રેરી વિધેય [D] સોફ્ટવેર પેકેજ

11 ______ માં કોઈ એક કાર્ય માટેના નિવેશ, નિર્ગમ અને પ્રક્રિયાને એકબીજા ઉપર ઓવરલેપ કરવામાં આવે છે.

[A] બહુ પ્રોગ્રામિંગ [B] બફરીંગ [C] સ્પુલીંગ [D] સમૂહ પ્રક્રિયા

12 કઈ ચાલક પદ્ધતિમાં બધાજ કમ્પ્યૂટરનું એકજ ચાલક પદ્ધતિ દ્વારા નિયંત્રણ થાય છે.

[A] નેટવર્ક ચાલક પદ્ધતિ [B] સમય પ્રમાણિત ચાલક પદ્ધતિ

[C] બહુકાર્ય ચાલક પદ્ધતિ [D] વહેચાયેલ ચાલક પદ્ધતિ

13 ઉચ્ચસ્તરીય ભાષામાં લખાયેલ પ્રોગ્રામને મશીન ભાષામાં તબદીલ કરવા માટે શું વપરાય છે?

[A] અસેમ્બલર [B] કમ્પાઈલર [C] લોડર [D] એક પણ નહિ

14 GUI ના મુખ્ય ઘટકો કેટલા છે

[A] 4 [B] 5 [C] 6 [D] 7

15 ________દ્વારા તમે વિનિયોગ સરળતાથી તથા ઝડપી બનાવી શકો છો.

[A] CASE [B] DBMS [C] RDBMS [D] 4GL

16 LAN માં સંચાર દર મોટે ભાગે કેટલો હોય છે?

[A] 1-2 MBPS [B] 1-5 MBPS [C] 1-10 MBPS [D] 1-100 MBPS

17 કઈ ટોપોલોજીમાં દરેક કમ્પ્યૂટર માત્ર એક સંચાર લાઈન પર જોડાયેલા હોય છે?

[A] તારાકાર [B] બસ [C] વીંટી આકાર [D] ટોકન પાસીંગ

18 કઈ ટોપોલોજીમાં મુખ્ય નિયંત્રક ઠપ થઇ જાય તો સંપૂર્ણ નેટવર્ક ઠપ થઇ જાય છે?

[A] તારાકાર [B] બસ [C] વીંટી આકાર [D] ટોકન પાસીંગ

19 પેકેટ હસ્તાંતરણ માટે કઈ રીત વપરાય છે?

[A] ડેટાગ્રામ [B] આભાસી સંચાર પરિપથ [C] A અને B [D] એક પણ નહિ

20 ____________ બે સરખા પ્રોટોકોલ ધરાવતા LANને જોડવાનું કાર્ય કરે છે.

[A] બ્રીજ [B] રાઉટર [C] ગેટ-વે [D] એમ્પ્લીફાયર

21 એક જ મકાનમાં ક્યાં પ્રકારનું નેટવર્કિંગ કરવું જોઈએ?

[A] WAN [B] LAN [C] MAN [D] એક પણ નહિ

22 પ્રોટોકોલ કોના સંચાર માટે યોજાય છે?

[A] સરખા ઘટકો [B] ભિન્ન પ્રકારના ઘટકો [C] A અને B [D] આગળના માંથી એક પણ નહિ

23 આલેખો અને નકશાઓ દોરવા/પ્રિન્ટ કરવા માટે ________ વપરાય છે.

[A] ઇન્ક્જેટ પ્રિન્ટર [B] ડોટ મેટ્રીક્સ પ્રિન્ટર [C] લેઝર પ્રિન્ટર [D] પ્લોટર

24 કમ્પ્યૂટરમાં તેના ઉત્પાદક તરફથી જ મુકાયેલ સોફ્ટવેર જે કમ્પ્યૂટરને કાર્યરત થવા તૈયાર કરે છે.

[A] ફ્રી-વેર [B] શેરવેર [C] ફર્મવેર [D] એક પણ નહીં

25 સાદા લખાણમાંથી સાંકેતિક સ્વરૂપમાં ફેરવવાની ક્રિયાને _________ કહેવાય છે.

[A] Encryption [B] Decryption [C] Coding [D] Decoding

26 જે માહિતી વહનમાં સંચાર માર્ગનો પ્રયોગ એકથી વધુ સંચાર માટે થાય છે તેને _______ કહે છે.

[A] ફિલ્ટર [B] કોડેક [C] અનુવાદક [D] મલ્ટિપ્લેક્ષર

27 ________ એ મોડેમથી ઊંધું કાર્ય કરે છે?

[A] ફિલ્ટર [B] કોડેક [C] હબ [D] એક પણ નહીં

28 નીચેનામાંથી કયું નિર્દેશક ઉપકરણ નથી?

[A] લાઈટપેન [B] ટચ સ્ક્રીન [C] જોયસ્ટિક [D] એક પણ નહીં

29 વિન્ડોઝ પદ્ધતિમાં ઉપયોગકર્તા પાસેથી જરૂરી વિકલ્પો મેળવવા માટે ___________ ઉપયોગી છે.

[A] મેસેજ બોક્સ [B] એલર્ટ બોક્સ [C] ડાયલોગ બોક્સ [D] એક પણ નહીં

30 સામાન્ય CPU ના કાર્યની ઝડપ માપવાનો એકમ કયો છે?

[A] MPIS [B] MIPS [C] GHz [D] MHz

**CIC-02/CPCS-01 (ટેકનોલોજી)**

**વિભાગ-'બ'**

સત્યાર્થતા ચકાસો. (31 થી 70) જો સાચું હોય તો આપેલા ખાનામાં 'ખરાની નિશાની' કરો અને જો ખોટું હોયતો આપેલા ખાનામાં (31 થી 70) 'ખોટાની નિશાની' કરો.

31. પ્રોગ્રામની ભૂલ શોધવાની ક્રિયાને ડિબગીંગ કહે છે.
32. દ્વિતીય પેઢીના કમ્પ્યૂટરમાં હજુ ઉચ્ચસ્તરીય ભાષાનો ઉપયોગ શરુ થયો ન હતો.
33. 80286 એ 32 MB જેટલા પ્રાથમિક સંચયને સમર્થન પૂરું પાડે છે.
34. દરેક સૂચનાને પ્રાપ્ત કર્યા બાદ પ્રોગ્રામ કાઉન્ટરની કિમતમાં 2 નો વધારો થશે.
35. ROM નોન-વોલેટાઇલ મેમરી છે.
36. ઝડપી સ્મૃતિની જરૂર I/O ઉપકરણો તથા સ્મૃતિ વચ્ચેની ગતિની ખાઈ પુરવામાં પડે છે.
37. જ્યાં GUI ની જરૂર હોય ત્યાં માઉસનો ઉપયોગ થાય છે.
38. પ્રોજેક્શન ડિસ્પ્લે વર્ગખંડના શિક્ષણમાં વાપરી શકાય છે.
39. સમાંતર જોડાણ સામાન્ય રીતે પ્રિન્ટરને કમ્પ્યૂટર સાથે જોડે છે.
40. અનેક સુચના અનેક માહિતી ને MISD તરીકે ઓળખવામાં આવે છે.
41. અસેમ્બ્લી ભાષા મશીન ભાષા કરતા અઘરી છે.
42. અમુક ચોક્કસ કાર્યનું પુનરાવર્તન કરવા લુપીંગ વિધાનનો ઉપયોગ થાય છે.
43. વહેચાયેલ ચાલક પદ્ધતિ એ નેટવર્ક ચાલક પદ્ધતિ કરતા વધુ અસરકારક પ્રકિયા છે.
44. ઇમેજિંગ મોડેલ GUI પદ્ધતિનો એક મુખ્ય ધટક છે.
45. ઉપયોગકર્તાના લખાણને દર્શાવવાની જગ્યાને ક્લાયન્ટ એરિયા કહે છે.
46. Pixel એ Picture Element નું ટૂંકું નામ છે.
47. 4GL માટે ઓછી ઝડપ વાળું કમ્પ્યૂટર અને ઓછી સ્મૃતિ જોઈએ છે.
48. કોપી કરેલ માહિતીને ક્લિપબોર્ડમાં રાખવામાં આવે છે.
49. જુદા જુદા આકારના અને કદના અક્ષરોને ફોન્ટ તરીકે ઓળખાય છે.
50. સિમ્યુલેશન એ સમય વહેચણી પદ્ધતિનું ઉદાહરણ છે.
51. સંચાર દર બોડમાં baud માં મપાય છે.
52. મોડેમ વડે એકજ સંચાર માર્ગ પર એકથી વધુ સંચારણ એકજ સમયે થાય છે.
53. OSI એ ઓપન સિસ્ટમ ઇન્ટરચેન્જ નું ટુંકું નામ છે.
54. અલગ અલગ કમ્પ્યૂટર પર આવેલી ફાઈલોની હેરફેર કરવા માટે FTP નો ઉપયોગ થાય છે.
55. USENET એ ઈન્ટરનેટ પર ચાલતી બુલેટીન બોર્ડ સર્વિસ છે.
56. NICNET એ રાષ્ટ્રીય માહિતી કેન્દ્રો વચ્ચે ફાઈબર ઓપ્ટિક કેબલ દ્વારા ચાલતું નેટવર્ક છે.
57. ISDN મૂળભૂત રીતે માહિતી અને અવાજ બન્નેનું સંચારણ કરવા ઉપયોગમાં લેવાય છે.
58. EDI સંદેશા ના મુખ્ય ચાર ધટકો હોય છે.
59. બસ ટોપોલોજીમાં નવા કાર્યમથક ઉમેરવા કે જુના દૂર કરવાની પ્રકિયાની લઘુતમ અસર થાય છે.
60. ASCII સંજ્ઞાઓ નું સંચાલન IBM દ્વારા થાય છે.
61. નજીક આવી ચડેલ સ્ટીમર, વિમાન વગેરે નું અસ્તિત્વ, તેમનુ ચોક્કસ સ્થાન રેડાર દ્વારા જાણી શકાય છે.

62. 1985 માં પ્રથમ બ્રેઈન વાયરસ નામનો વાણીજ્ય વિષાણું પકડાયો હતો.
63. વાયરસની વ્યાખ્યામાં ટ્રોજન અને વોર્મનો સમાવેશ થતો નથી.
64. વાયરસના તેની જીવનશૈલી અનુસાર તેમના ત્રણ વિભાગો પાડી શકાય.
65. PC-386 ઉપર એક વર્ડ બરાબર 1 બાઈટ છે.
66. વોન ન્યુમેન રચનામાં દરેક સ્મૃતિ એકમને સ્વતંત્રપણે મેળવી શકાય છે.
67. ચોથી પેઢીની ભાષા ડેટાબેઝ પર આધારિત હોય છે.
68. ઉચ્ચસ્તરીય ભાષા મશીન આધારિત નથી.
69. વિન્ડોઝ આધારિત વિનિયોગ હાર્ડવેર આધારિત નથી હોતો.
70. ડોસની સ્મૃતિ મર્યાદા 640 KB છે.

**CIC-05/CPCS-02** (માઈક્રોસોફ્ટ ઓફિસ)

**વિભાગ-અ**

1 PC કમપ્યૂટરને ક્યાં પ્રોગ્રામની જરૂર પડે છે?

[A] ચાલક પદ્ધતિ [B] વિનિયોગ પ્રોગ્રામ [C] A અને B [D] એક પણ નહિ

2 કાર્યરત ડોક્યુમેન્ટ વિન્ડોને બંધ કરવા માટે

[A] Alt+F4 [B] Ctrl+F4 [C] Ctrl+X [D] Alt+X

3 નીચેના માંથી કયું વિનીયોગનું નામ, દસ્તાવેજ, સમૂહ અથવા ડિરેક્ટરી દર્શાવે છે.

[A] ટાઈટલબાર [B] સ્ક્રોલબાર [C] કન્ટ્રોલ મેનુ બોક્સ [D] મેન્યુબાર

4 નીચેના માંથી ક્યાં આઇકોનના પ્રકાર છે.

[A] પ્રોગ્રામ આઈટમ આઇકોન [B] વિનિયોગ આઇકોન

[C] ગ્રુપ આઇકોન [D] આગળના બધા

5 નીચેના માંથી ક્યાં સામાન્ય આદેશ બટનના ઉદાહરણ છે.

[A] OK [B] Cancel [C] Help [D] આગળના બધા

6 નીચેના માંથી કયો વિકલ્પ માહિતી ટાઈપ કરવા વપરાય છે?

[A] ટેક્સ્ટ બોક્સ [B] લિસ્ટ બોક્સ [C] ચેક બોક્સ [D] ડ્રોપ-ડાઉન લિસ્ટ બોક્સ

7 કયો પ્રોગ્રામ તમારા પ્રોગ્રામ્સ ને સંયોજિત કરવા, તેને ચલાવવા અને દસ્તાવેજોને સમુહમાં ગોઠવવા ઉપયોગી છે.

[A] ફાઈલ મેનેજર [B] પ્રિન્ટ મેનેજર [C] પ્રોગ્રામ મેનેજર [D] વિન્ડો મેનેજર

8 વિન્ડોઝની પરિભાષામાં મોનીટરના સ્ક્રીનને શું કહે છે?

[A] વિન્ડો [B] ડેસ્કટોપ [C] ડિસ્પ્લે [D] બેકગ્રાઉન્ડ

9 એસેસરીઝ સમૂહમાંના પ્રોગ્રામ ને ક્યાં નામે ઓળખાય છે?

[A] યુટીલીટી [B] એપ્લેટ્સ [C] ટુલ્સ [D] એક પણ નહિ

10 દસ્તાવેજના અંત પર જવા કઈ શોર્ટકટ કઈ વપરાય છે?

[A] Ctrl+End [B] Ctrl+Right Arrow [C] Alt+End [D] Alt+Right Arrow

11 Spell Check વખતે નીચેનામાંથી કોની મદદ વડે Word, English (US) શબ્દકોશનો મુખ્ય શબ્દકોશ તરીકે ઉપયોગ કરે છે?

[A] US.DIC [B] SCIENCE.DIC [C] CUSTOM.DIC [D] FRENCH.DIC

12 Change Case કમાન્ડ ક્યાં મેનુમાં આવેલો છે

[A] Edit [B] Insert [C] Format [D] Tools

13 તમે પ્રિન્ટ ન થતા અક્ષરો જોવા માટે કયો કમાન્ડ વાપરી શકો છો.

[A] View [B] Show [C] Hide [D] એક પણ નહિ

14 મૂળભૂત રીતે ટેબ સ્થાનો ડાબા હાસીયાથી કેટલા અંતરે ગોઠવવામાં આવેલા હોય છે.

[A] 0.25” [B] 0.5” [C] 0.75” [D] 1.0”

15 માઈક્રોસોફ્ટ વર્ડમાં એક લાઈનની જગ્યા એટલે કેટલા પોઈન્ટ?

[A] 3 [B] 6 [C] 9 [D] 12

16 _________ તબ્બકાવાર માર્ગદર્શન આપી કાર્ય પૂર્ણ કરાવતો પ્રોગ્રામ છે

[A] ડાયલોગ બોક્સ [B] ટેમ્પ્લેટ [C] વિઝાર્ડ [D] એક પણ નહિ

17 નીચેના માંથી ક્યાં Page Break ના પ્રકાર છે?

[A] હાર્ડ [B] સોફ્ટ [C] A અને B બન્ને [D] એક પણ નહિ

18 વર્ડમાં લખાણને ગોઠવવા કેટલી પ્રકારના એલાઈમેન્ટ ઉપલબ્ધ છે?

[A] 4 [B] 3 [C] 2 [D] 1

19 ટેબનું એલાઈમેન્ટ કેટલી રીતે થઇ શકે છે

[A] 4 [B] 5 [C] 6 [D] 7

20 એક્સેલમાં કૂલ કેટલી રો આવેલી હોય છે?

[A] 256 [B] 1024 [C] 2048 [D] 16384

21 એક્સેલમાં કૂલ કેટલા કોલમ આવેલા હોય છે?

[A] 128 [B] 256 [C] 100 [D] 500

22 એક્સેલમાં ગણતરી કરવા માટે નીચેના માંથી શું વપરાય છે?

[A] ફોર્મ્યુલા [B] ફંક્શન [C] A અને B બન્ને [D] એક પણ નહિ

23 એક્સેલ કૂલ કેટલા પ્રકારના આલેખો પુરા પાડે છે.

[A] 15 [B] 14 [C] 13 [D] 12

24 એક્સેલમાં ડેટાબેઝ તૈયાર કરવા _______ નો ઉપયોગ થાય છે.

[A] ટેબલ [B] ડેટા ફોર્મ [C] A અને B [D] એક પણ નહિ

25 એક્સેલમાં આખો સ્તંભ પસંદ કરવા માટે કઈ શોર્ટકટ કી વપરાય છે?

[A] Ctrl+Spacebar [B] Shift+Spacebar [C] Ctrl+Shift+Spacebar [D] એક પણ નહિ

26 પાવરપોઈન્ટમાં સ્લાઈડને કઈ રીતે વહેંચી શકાય છે?

[A] ચોપાનિયું [B] વક્તાની નોંધ [C] રૂપરેખા [D] આગળના બધા

27 $H_2O$ લખવા માટે કઈ ઈફેક્ટ વપરાય છે.

[A] સુપર સ્ક્રીપ્ટ [B] સબ સ્ક્રીપ્ટ [C] સ્મોલ કેપ્સ [D] ઓલ કેપ્સ

28 નવો પેરેગ્રાફ નહીં પરંતુ નવી લાઈન ઉમેરવા કઈ શોર્ટકટ કી વપરાય છે.

[A] Ctrl+Enter [B] Shift+Enter [C] Enter [D] Alt+Enter

29 ઈચ્છિત ડિરેક્ટરી વિન્ડો પસંદ ન થાય ત્યાં સુધી ખુલ્લી ડિરેક્ટરી વિન્ડોઝમાં ધૂમવા માટે કઈ શોર્ટકટ કી વપરાય છે?

[A] Ctrl+F6 [B] Ctrl+Tab [C] A અને B બન્ને [D] એક પણ નહીં

30 એક્સેલમાં આજની માત્ર તારીખ દર્શાવવા કયું વિધેય વપરાય છે.

[A] Now() [B] Date() [C] Today() [D] Sysdate()

**CIC-05/CPCS-02** (માઈક્રોસોફ્ટ ઓફિસ)

**વિભાગ-'બ'**

સત્યાર્થતા ચકાસો. (31 થી 70) જો સાચું હોય તો આપેલા ખાનામાં 'ખરાની નિશાની' કરો અને જો ખોટું હોયતો આપેલા ખાનામાં (31 થી 70) 'ખોટાની નિશાની' કરો.

31. વિન્ડોઝમાં થતા બધાજ કાર્યો માટે પ્રોગ્રામ મેનેજર મુખ્ય બાબત છે.
32. પ્રાયમરી માઉસ બટનને દબાવેલું રાખી માઉસને ફેરવવાને ડ્રેગ એન્ડ ડ્રોપ કહે છે
33. મેનુબાર ને કાર્યાન્વિત કરવા F10 ઉપયોગી છે.
34. ચેકબોક્સ પરસ્પર એકાકી વિકલ્પો રજુ કરે છે.
35. વિન્ડોમાં સૌથી ઉપર આવેલા લાંબી પટ્ટી જેવા ભાગને ટાઈટલબાર કહે છે.
36. દસ્તાવેજને ફાઈલ મેનેજર માંથી પ્રિન્ટ મેનેજરમાં મોકલી શકાય છે.
37. Write એ શબ્દ પ્રક્રિયક છે
38. કેરેક્ટર મેપ એ વિન્ડોઝ એસેસરીઝ સમૂહનો ભાગ નથી.
39. મેનુ કમાન્ડની પસંદગી એરો કી અથવા એન્ટર કી થી થઇ શકે છે.
40. હેલ્પ ચાલુ કરવા માટે Ctrl+H કમાન્ડ વપરાય છે.

41. વર્ડમાં આખા દસ્તાવેજને પસંદ કરવા ડાબા હાંસિયામાં ત્રણ વખત ક્લિક કરવી પડે છે.
42. વર્ડમાં ફકરા વચ્ચેની જગ્યા પોઈન્ટ, ઇંચ કે સે.મી. માં આપી શકાય છે.
43. ટેબલમાં એક ખાના માંથી બીજા ખાનામાં આગળ જવા Shift+Tab કી વપરાય છે.
44. માહિતીને એક ચોક્કસ રીતે ગોઠવવાની પ્રક્રિયાને સોર્ટિંગ કહેવામાં આવે છે.
45. પાનાંનું દિશાંતરણ (Orientation) બે રીતે થઇ શકે છે.
46. મુખ્ય દસ્તાવેજોનું એકત્રીકરણ એ ત્રણ તબ્બકાની પ્રક્રિયા છે.
47. દસ્તાવેજમાં સુધારાવધારાને રદ્દ કરવા Ctrl+Y કી વપરાય છે.
48. Thesaurus નો ઉપયોગ શબ્દોના સમાનાર્થી  વૈકલ્પિક શબ્દો જાણવા માટે થાય છે.
49. વર્ડમાં ખાસ પ્રકારના અક્ષરો કે ચિહ્નો દાખલ કરવા Insert-Symbol નો ઉપયોગ થાય છે.
50. વર્ડ ફાઈલનું અનુલંબન .rtf હોય છે.
51. એક્સેલમાં તારીખ અને સમયને સંખ્યાના સ્વરૂપે સંગ્રહવામાં આવે છે.
52. એક્સેલમાં A1 ખાના પર જવા Alt+Home કી છે.
53. એક્સેલમાં સ્તંભની મૂળભૂત પહોળાય 8.43 હોય છે.
54. એક્સેલમાં ડેટાનું અલાઈમેન્ટ પણ બદલી શકાય છે.
55. =-10 એ સાચી ફોર્મ્યુલા છે.
56. INT ફંક્શન નજીકની પૂર્ણાંક સંખ્યા સ્વરૂપે સંખ્યાનું રાઉન્ડીંગ કરે છે.
57. NOT દલીલની કિંમતની હકારાત્મક કિંમત જણાવે છે.
58. સમય પસાર થતા જે ફેરફાર થયા તે પાઈ આલેખ દર્શાવે છે.
59. એકવાર આલેખ બની જાય પછી તેનો પ્રકાર બદલાતો નથી.
60. એક્સેલમાં જણાવેલ માપદંડના આધારે ડેટાબેઝમાંથી માહિતી મેળવી શકાતી નથી.
61. વ્યપારને લગતા ગ્રાફિક્સના ત્રણ પ્રકાર છે.
62. પાવરપોઈન્ટએ સંપૂર્ણ રજુઆતના ગ્રાફિકસનું સોફ્ટવેર છે.
63. સ્લાઈડમાં આલેખ ઉમેરી શકાતા નથી.
64. સ્લાઈડમાં માળખાકીય આલેખ બનાવી શકાય છે.
65. મથાળાની સ્લાઈડ એ રજુઆતમાં પ્રથમ દર્શાવાતી સ્લાઈડ છે.
66. તમે ટેબલ લે આઉટ ની મદદથી પાવરપોઈન્ટમાં કોઠો ઉમેરી શકો છો.
67. પાવરપોઈન્ટ ફાઈલનું અનુલંબન .pptx હોય છે
68. પાવરપોઈન્ટમાં તમે વસ્તુઓનો ગણ બનાવીને તેનો સમૂહ બનાવી શકો અને તેમને છુટ્ટા પાડી શકો છો.
69. સ્લાઈડ શો બતાવવા માટે વ્યૂ યાદીનું સ્લાઈડ શો વિકલ્પ વપરાય છે.
70. સ્લાઈડ લે આઉટ કૂલ 5 પ્રકારના હોય છે.